અપીલ અરજી નં.૨૨ તા.૧૫–૪ –૧૧
ફોન નં. ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી ભગીરથીબેન વલ્લભભાઈ પટેલ
સામાવાળાઃ– ઈ.ચા. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી ભગીરથીબેન વલ્લભભાઈ પટેલની તા.૧૬/૧૭–૩–૧૧ની અરજીથી ટી.પી. સ્કીમ નં.૩૧ (અડાજણ) ફા.પ્લોટ નં.૯૫,૯૬,૯૭ વાળી જમીન જે અંગે પશ્ચિમ ઝોન રાંદેર ધ્વારા મુંબઈ પ્રો.મ્યુ.કોર્પોરેશન એકટ–૧૯૪૯ કલમ ૨૬૦ (૧)(અ) મુજબની નોટીસ આપેલ જેમાં મંજુરી વગર ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવેલ હોય દિન–૭ ની અંદર અથવા તે પહેલા તમારે અથવા તમોએ સત્તા આપેલ પ્રતિનિધિ મારફત જવાબ આપવા જણાવેલ છે અને તેમ ન કરવામાં આવે તો મજકુર કાયદાની કલમ ૨૬૦(૨) મુજબ પગલા લેવામાં આવશે તેમ જણાવેલ છે તેમ છતાં હજી સુધી કોઈપણ જાતના પગલા લેવામાં આવેલ નથી અને લેવામાં આવેલ હોય તો તેની માહિતી આપો તેમજ તેઓ મારફતે કોઈ પણ પ્રકારના જવાબ રજુ થયેલ હોય તો તેની સહી સિકકાવાળી નકલ આપો તેમજ મજકુર નોટીસ સ્વીકારવાની તારીખ તા.૨૪–૨–૧૧ છે અને હાલ તા.૧૫–૩–૧૧ છે જેથી આશરે ૧૫ દિવસ ઉપરાંતનો સમય વિતી ગયેલ હોય કયા કારણસર ગેરકાયદેસરનું બાંધકામ તોડી પાડેલ નથી જેની માહિતિ આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની અપીલ તા.૧૫–૪–૧૧ ની **SMC/FAP/** નં.૨૨ /૨૦૧૧–૧૨

શ્રી ભગીરથીબેન વલ્લભભાઈ પટેલની તા.૧૬/૧૭–૩–૧૧ની અરજીથી ટી.પી. સ્કીમ નં.૩૧ (અડાજણ) ફા.પ્લોટ નં.૯૫,૯૬,૯૭ વાળી જમીન જે અંગે પશ્ચિમ ઝોન રાંદેર ધ્વારા મુંબઈ પ્રો.મ્યુ.કોર્પોરેશન એકટ–૧૯૪૯ કલમ ૨૬૦ (૧)(અ) મુજબની નોટીસ આપેલ જેમાં મંજુરી વગર ગેરકાયદેસર બાંધકામ કરવામાં આવેલ હોય દિન–૭ ની અંદર અથવા તે પહેલા તમારે અથવા તમોએ સત્તા આપેલ પ્રતિનિધિ મારફત જવાબ આપવા જણાવેલ છે અને તેમ ન કરવામાં આવે તો મજકુર કાયદાની કલમ ૨૬૦(૨) મુજબ પગલા લેવામાં આવશે તેમ જણાવેલ છે તેમ છતાં હજી સુધી કોઈપણ જાતના પગલા લેવામાં આવેલ નથી અને લેવામાં આવેલ હોય તો તેની માહિતી આપો તેમજ તેઓ મારફતે કોઈ પણ પ્રકારના જવાબ રજુ થયેલ હોય તો તેની સહી સિકકાવાળી નકલ આપો તેમજ મજકુર નોટીસ સ્વીકારવાની તારીખ તા.૨૪–૨–૧૧ છે અને હાલ તા.૧૫–૩–૧૧ છે જેથી આશરે ૧૫ દિવસ ઉપરાંતનો સમય વિતી ગયેલ હોય કયા કારણસર ગેરકાયદેસરનું બાંધકામ તોડી પાડેલ નથી જેની માહિતિ આપવા બાબતે ઈ.ચા.ડે.કમિશ્નર અને જાહેર માહિતી અધિકારી રાંદેરઝોનના પત્ર નં. વેસ્ટઝોન/૮૭૭ તા.૨૯–૩–૧૧ થી આપેલ માહિતીમાં ગોળ ગોળ તથા ઉડાવ જવાબ આપેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૫–૪–૧૧ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો વિલંબ /વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૯૯ તા.૨૭–૪–૧૧ થી ઈ.ચા. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) તથા અરજદારને અપીલ અરજીમાં તેમના દાવા " અધિકારીઓ હાથો બની ગયેલ છે." પ્રોપર ફોર્મેટમાં જવાબ નથી" તે અંગે જોગવાઈ કે આધાર હોય તો રજુ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં. વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૧૦૭ તા.૨૯–૪–૧૧ થી પૂરક વિગતોમાં સેન્ટ્રલઝોન તરફથી તા.૧૭–૩–૧૧ ના રોજ તબદીલ કરેલ પત્રની નકલ, અરજદારની મુળ અરજીની નકલ, કાર્યપાલક ઈજનેરશ્રી રાંદેરઝોન નો પત્ર નં.વેસ્ટઝોન/ટીડીઓ/૪૩ તા. ૨૩–૨–૧૧ થી આપેલ નોટીસની નકલ, પત્ર નં.વેસ્ટઝોન/ટીડીઓ/૪૪ તા. ૨૩–૨–૧૧ થી આપેલ નોટીસની નકલ, પત્ર નં.વેસ્ટઝોન/ટીડીઓ/૪૫ તા. ૨૩–૨–૧૧ થી આપેલ નોટીસની નકલ, નકલના રૂા.૬/– ભરેલ રસીદની નકલ, રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/ આંન.૮૭૭ તા.૨૯–૩–૧૧ થી આપેલ જવાબની નકલ, અરજદારને આપેલ નોટીસ નં.૪૩–૪૪–૪૫ ના જવાબની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/ આંન.૮૭૭ તા.૨૯–૩–૧૧ થી આપેલ જવાબની નકલ, રાંદેરઝોન તરફથી આપેલ નોટીસ નં.૪૩–૪૪–૪૫ ના ખુલાસાની નકલ, રૂા.૬/– ભરેલ રસીદની નકલ, ડે.કમિ.(પીએન્ડડી) ના પત્ર નં.નં.ટીડીઓ/૩૫૮૧ તા.૪–૧૧–૧૦ ના પત્રની નકલ અત્રે મળેલ છે.

અરજદારની તા.૧૬/૧૭–૩–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ કરેલ બાબત હેઠળની માહિતી માંગતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. સેન્ટ્રલઝોન તરફથી તા.૧૩–૭–૧૧ ના રોજ રાંદેરઝોનને તબદીલ કરવામાં આવેલ. જેના અનુસંધાને રાંદેરઝોન તરફથી પત્ર નં.વેસ્ટઝોન/આરટીઆઈ/આ.નં.૮૭૭ તા.૨૯–૩–૧૧ થી રાંદેરઝોનની કચેરીના ઉપલબ્ધ રેકર્ડ ચકાસણી કરવામાં આવતાં ટીપી સ્કીમ નં.૩૧ (અડાજણ) ફા.પ્લોટ નં.૯૫,૯૬,૯૭ માં રાંદેરઝોન કક્ષાએથી સંબધિતોનું કારણદર્શક નોટીસ અનુક્રમે રાંદેરઝોનના પત્ર નં.વેસ્ટઝોન ટીડીઓ/૪૩–૪૪–૪૫ તા.૨૩–૨–૧૧ થી આપવામાં આવેલ. જેના સંદર્ભે સદર પ્રોજકેટના આર્કીટેકટશ્રી પરીન શાહ તરફથી તા.૨૫–૨–૧૧ થી જવાબ આપેલ છે. જેની નકલ માટે રાંદેરઝોન કચેરીમાં રૂા.૬/– દિન–૭ માં ભરપાઈ કર્યેથી મળી શકશે. એવું સમય મર્યાદામાં જણાવેલ છે. અરજદારે અપીલ અરજી તબકકે જાહેર માહિતી અધિકારી તરફથી આપેલ જવાબ ગોળ ગોળ અને ઉડાવ જવાબ આપેલ હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ તા.૧૫–૪–૧૧ ના રોજ અપીલ અરજી કરેલ છે. અરજદારે જાહેર માહિતી અધિકારી તરફથી જણાવેલ નકલ ચાર્જીસના રસીદ નં.૩૩૯૯૧૧ તા.૨–૪–૧૧ થી રૂા.૬/– ભરપાઈ કરી નકલ મેળવેલ જણાય છે.જેમાં આર્કીટેકટે શહેર વિકાસ વિભાગમાં અરજી કરેલ છે અને માન. કમિ.શ્રી ધ્વારા

મંજુરી આપવામાં આવેલ છે તથા સદરહુ મિલ્કતમાં વિકાસ કાર્ય સાથે ટેમ્પરરી સાઈટ ઓફિસની અરજી પણ કરવામાં આવેલ છે તથા તે સાઈટ ઓફિસ અંગેની એફીડેવીટ પણ રજૂ કરવામાં આવેલ છે. તેવી પૂર્તતા આર્કીટેકટ તરફથી કરવામાં આવેલ છે. તેમજ અરજદારે તા.૭–૫–૧૧ ના પત્રમાં રાંદેરઝોન ધ્વારા એક વાર ગેરકાયદેસરનું બાંધકામ તોડી પાડવાની નોટીસ આપવામાં આવેલ હોવા છતાં તેવું બાંધકામ આજ દિન સુધી તોડી પાડવામાં આવેલ નથી તેમજ તે અંગેની પુછપરછ કરીએ ત્યારે કોઈ પણ જાતનું યોગ્ય કારણ આપતા નથી એવું જણાવેલ. જે અંગે અરજદારે અગાઉ અરજદારે શહેરી વિકાસ વિભાગ ગાંધીનગર અને તકેદારી આયોગને કરેલી અરજીના સંદર્ભે પત્ર નં.ટીડીઓ/૩૫૮૧ તા.૪–૧૧–૧૦ થી અરજદારને તા.૮–૧૦–૧૦ ના રોજ પત્ર નં.ટીડીઓ/૩૦૮૧ થી પ્રત્યુત્તર પાઠવેલ છે તે તેમજ સદર જમીનમાં અરજદારો તરફથી રજૂ થયેલ વિકાસ પરવાનગી અંગે નિર્ણય કરવાની કાર્યવાહી કમિ.શ્રી કક્ષાએ રજૂ કરેલ છે. ઉપરોકત વિગતે ધ્યાને લઈ મધ્યસ્થ શહેર વિકાસથી કરવામાં આવેલ કાર્યવાહી નિયમોનુસારની છે. તેમજ વધુમાં હાલ સ્થળ ઉપર જગ્યા ખુલ્લી છે પરંતુ હાલ સ્થળ ઉપર ટેમ્પરરી કેબીન/ઓફિસ નું શરૂ થયેલ બાંધકામ બંધ /સ્થગિત કરાવેલ છે. તેમજ ફા.પ્લોટ નં.૯૫ અને ૯૭ ની વિકાસ પરવાની કાર્યવાહી પ્રોસેસ હેઠળ છે તેવું પણ જણાવેલ છે. આમ અરજદારને આરટીઆઈ એકટની કલમ–૨(એફ) તથા ૨(જે) હેઠળ માહિતી જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે. જે મુજબ માહિતી પૂરી પાડવામાં આવેલ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૧૬/૧૭–૩–૧૧ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. અરજદારની અપીલમાં જણાવેલ ફરીયાદની હકીકત બાબતેની કાર્યવાહી અંગે સક્ષમ સત્તાને રજૂઆત કરવા સ્વતંત્ર છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૬–૧૧

પ્રતિ,
(૧) ઈ.ચા. ડે.કમિ. અને જાહેર માહિતી અધિકારી (રાંદેરઝોન) ..જાણ તથા અમલ માટે .
(૨) શ્રી ભગીરથીબેન વલ્લભભાઈ પટેલ,